# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા

( ગુજરાત એકટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

---

નં.એસજીજીયુ/એન.એસ.એસ/૨૦૨૦-૨૧/ ૨૯૮૫ તા.૨૪/૧૨/૨૦૨૦

પરિપત્ર- ૨૨૮૨

વિષય- મતદાર જાગૃતિ અંતર્ગત વિડીઓ સ્પર્ધા યોજવા બાબત.

સંદર્ભ- નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, પંચમહાલનો તા.૨૧/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: મતય/NVD/Best-Video-Nomination/વશી/૯૯૩થી૯૯૪/૨૦૨૦

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૧ સંદર્ભે ચુંટણી પંચ દ્વારા મતદારોમાં જાગૃતતા વધે અને મતદારો ચુંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે હેતુથી વિડીઓ સ્પર્ધાનું આયોજન કરેલ છે. જે સ્પર્ધાના નોમીનેશન તા.૦૪/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૨:૦૦ કલાક સુધીમાં નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રીની કચેરી, પંચમહાલ, ગોધરા ખાતે મોકલવાની રહેશે. તથા એક નકલ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા ખાતે મોકલી આપવાની રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેનું નોમીનેશન ફોર્મ, સ્પર્ધાના વિષયો અને સ્પર્ધાના નિયમો બિડાણમાં સામેલ છે. જે અંગે વિદિત થઇ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર,
એન.એસ.એસ. વિભાગ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા

રજીસ્ટ્રારશ્રી
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

નકલ રવાના-

- પી.એ.ટુ. કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરા તરફ જાણ સારું.
- નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરા તરફ જાણ સારું.

Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in

2124

ELECTION IMMEDIATE

**OFFICE OF THE DISTRICT ELECTION OFFICER & COLLECTOR PANCHMAHAL-GODHRA**
Jilla Seva Sadan-1, Collector Office Compound,
Civil Lines Road, Godhra-389001
મજબૂત લોકશાહી સૌની ભાગીદારી

Ph. No. 02672-242491
Fax No. 02672-240874
E-mail:-
ec-pan@gujarat.gov.in
election.pms@gmail.com

નં.મતય/NVD/Best-Video-Nomination/વશી/૯૯૩ /૨૦૨૦ તા. ૨૮/૧૨/૨૦૨૦

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી
ગોધરા જિ.પંચમહાલ

**વિષયઃ-મતદાર જાગૃતિ અંતર્ગત વિડીયો સ્પર્ધા યોજવા બાબત.**
- રાષ્ટ્રિય મતદાતા દિવસ-૨૦૨૧
**સંદર્ભઃ**-ઉપ સચિવશ્રી, ચૂંટણી પ્રભાગ ગાંધીનગરના તા.૧૫/૧૨/૨૦૨૦નાં
- પત્ર ક્રમાંકઃઇએલસી-૧૦૨૦૨૦-૫૧૨-છ(SVEEP)

જયભારત સહ ઉપરોક્ત વિષયના સંદર્ભ પત્ર અન્વયે આપનું અંગત ધ્યાન દોરતાં જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગેની જાગૃતતા વધે અને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સતત પ્રયત્નો કરવામાં આવે છે. જે અંગે મતદાર જાગૃતિ અને કેળવણી (SVEEP) હેઠળ મતદાર જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આગામી રાષ્ટ્રિય મતદાતા દિવસ-૨૦૨૧ સંદર્ભે ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલ વિવિધ વિભાગના કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓ, યુનિવર્સીટી/કોલેજોના વિદ્યાર્થીઓને સાંકળીને એક સ્પર્ધાનું આયોજન હાથ ધરવા સુચના થયેલ છે. આ સ્પર્ધા અંતર્ગત ચૂંટણી વિષયક બાબતો જેવી કે, લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ, નૈતિક મતદાન, મતદારયાદીની અગત્યતા, મતદારયદીમાં નામ નોંધણી, સુધારા વધારા અંગેની સરળ/ઓનલાઇન પ્રક્રિયા વિગેરે બાબત સમાવતો ત્રણ(૩) મિનિટની સમય મર્યાદાનો વિડીયો તૈયાર કરવા સુચના થયેલ છે.

વધુમાં આ સાથે સામેલ સંદર્ભ પત્રમાં જણાવેલ સુચના/શરતો ધ્યાને લઇ ઉપરોક્ત વિગતે વિડીયો સ્પર્ધાનું યુનિવર્સીટી કક્ષાએ આયોજન કરી શ્રેષ્ઠ વિડીયો અત્રે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં મોકલી આપવાના રહેશે. તેમજ આપની કક્ષાએ મળેલ શ્રેષ્ઠ વિડીયો અંગેનું આ સાથે સામેલ નિયત નમૂનામાં નોમીનેશનમાં **૦૪/૦૧/૨૦૨૧નાં રોજ બપોરના ૧૨.૦૦ કલાક સુધીમાં અચુક મોકલી આપવા વિનંતી છે.**

**બિડાણઃ- સંદર્ભ પત્ર**

**નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી**
**પંચમહાલ ગોધરા**

**નકલ સવિનય રવાનાઃ-** પી.એ. ટુ. કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા તરફ જાણ સારૂ.

Client:4\E:\Doc-2020\SSR-2020\NVD-2021\NVD University Best Video Compitition-Letter-4.doc

Shri Govind Guru University
Inward: 2994
Date: 31/12/2020
Branch :

Scanned with CamScanner

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

**GUJARAT STATE**

**General Administration Department (Election Division)**

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક: ઈએલસી-૧૦૨૦૨૦-૫૧૨-છ(SVEEP)   તારીખ : ૧૫-૧૨-૨૦૨૦

પ્રતિ,

સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,

વિષય : મતદાર જાગૃતિ અંતર્ગત વિડીયો સ્પર્ધા યોજવા બાબત.
રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૧

શ્રીમાન,

ચૂંટણી પંચ દ્વારા દેશના મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અંગેની જાગૃતતા વધે અને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં પોતાની સક્રિય ભાગીદારી નોંધાવે તે હેતુથી વિવિધ પ્રવૃતિઓના માધ્યમથી સતત પ્રયત્નો કરવામાં આવે છે. જે માટે મતદાર જાગૃતિ અને કેળવણી (SVEEP) હેઠળ મતદાર જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૧ સંદર્ભે ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલ વિવિધ વિભાગના કર્મચારીશ્રી/અધિકારીશ્રીઓ, યુનિવર્સીટી /કોલેજના વિદ્યાર્થીઓને સાંકળીને એક સ્પર્ધાનું આયોજન હાથ ધરેલ છે. આ સ્પર્ધા અંતર્ગત ચૂંટણી વિષયક બાબતો જેવી કે, લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ, નૈતિક મતદાન, મતદારયાદીની અગત્યતા, મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા વધારા અંગેની સરળ/ઓનલાઇન પ્રક્રિયા વિગેરે બાબત સમાવતો ત્રણ (૩) મિનિટની સમય મર્યાદાનો વિડીયો તૈયાર કરાવવાનો રહે છે.

આ સ્પર્ધામાં ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલ વિવિધ વિભાગોના કર્મચારીઓ ભાગ લઈ શકશે. વીડિયો સ્પર્ધા માટેની શરતો તથા ચેકલિસ્ટ આ સાથે સામેલ રાખેલ છે. જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ વિડીયો અત્રે તા.૦૫/૦૧/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાનો રહેશે. જે ધ્યાને લઈ, આપના જિલ્લા ખાતે વિવિધ વિભાગોના સંકલનમાં રહી સ્પર્ધાનું આયોજન હાથ ધરવા અને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ ઠરેલ કૃતિ અત્રે રાજ્યકક્ષાની સ્પર્ધા માટે મોકલી આપવાની રહે છે.

આપનો વિશ્વાસુ,

(એમ.ડી.મુદલિયાર )
ઉપ સચિવ
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત

બિડાણ : ઉપર મુજબ

## વીડિયો ક્રિએશન્સ સ્પર્ધા યોજવા માટેની શરતો

૧. આ સ્પર્ધામાં ગુજરાત રાજ્યમાં ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગના કર્મચારીઓ/અધિકારીઓ જેમકે, શિક્ષક, બૂથ લેવલ અધિકારી, બી.એલ.ઓ. સુપરવાઈઝર, સેક્ટર ઓફિસર, નાયબ મામલતદાર, ક્લાર્ક , મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, નાયબ/અધિક જિલ્લા ચૂંટણી અધિકારી. તદ્ઉપરાંત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયુક્ત કરવામાં આવેલા કેમ્પસ એમ્બેસેડર્સને પણ આ સ્પર્ધામાં આવરી લેવાના રહેશે.

૨ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ, નૈતિક મતદાન, મતદારયાદીની અગત્યતા, મતદારયાદીમાં નામ નોંધણી-સુધારા વધારા અંગેની સરળ/ઓનલાઈન પ્રક્રિયા જેવી ચૂંટણી વિષયક બાબતોને આવરી લેતો વીડિયો બનાવવાનો રહેશે.

૩. વીડિયોની સમય મર્યાદા ત્રણ મિનિટની રહેશે.

૪. સ્પર્ધક દ્વારા બનાવવામાં આવનાર વીડિયો ડિજીટલ સ્વરૂપે, Full HD (1080 p Quality) માં તૈયાર કરવાનો રહેશે.

૫. આ સ્પર્ધામાં સ્પર્ધક વ્યક્તિગત/જુથ [જુથમાં મહત્તમ પાંચ (૦૫) વ્યક્તિઓનો સમાવેશ કરી શકાશે.] બંને પ્રકારની કૃત્તિઓ રજુ કરી શકશે.

૬. સ્પર્ધામાં સ્પર્ધક/ સ્પર્ધકો તરફથી એક જ કૃતિ રજૂ કરવાની રહેશે. એક કરતાં વધુ કૃતિ રજૂ થયેલ હશે તો અંતિમ રજૂ થયેલ કૃતિને જ સ્પર્ધા માટે માન્ય ગણવામાં આવશે.

૭. જિલ્લાકક્ષાએ સ્પર્ધક/સ્પર્ધકો તરફથી તૈયાર થયેલ કૃતિ, સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરને રજુ કરવાની રહેશે. સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જિલ્લાકક્ષાએ મળેલ કૃતિઓ પૈકી શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી નિયત ચેકલિસ્ટ સાથે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે.

૮. મુખ્ય નિર્વાચન અધિકરીશ્રીની કચેરી ખાતે રજૂ થનાર કૃતિનું મુલ્યાંકન/ પસંદગી પક્રિયા સંપૂર્ણ રીતે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના હસ્તક રહેશે અને તેનો નિર્ણય તમામ સ્પર્ધકોને માન્ય રહેશે.

૯. જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિ અત્રે તા.૦૫-૦૧-૨૦૨૧ સુધીમાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ખાતે રજુ કરવાની રહેશે. સમયમર્યાદા બાદ રજૂ થયેલ કૃતિને પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

૧૦. અત્રેથી પસંદગી પામનાર કૃતિના વિજેતાને રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૧ ના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

*********************************************

**Checklist for Video Creation Competition**

**(National Voters Day-2021)**

| | | |
|---|---|---|
| Name & Designation of Video Creator | : | |
| Contact Number of Video Creator | : | |
| Email of Video Creator | : | |
| Name of Organization/Office | : | |
| Title of Video | : | |
| Duration of Video | : | |
| Recommendation of the DEO (Up to 100 words) | : | |
| Round Seal Of Office/Organization | : | **Sign of Recommend Officer** |